શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

# ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

મહિલા આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

# જયોતિર્ગમય

દ્વિમાસિક મુખપત્ર

To, ______________________

______________________

______________________

મુખ્ય સંપાદક : ડૉ. અનુપમ આર. નાગર
પ્રકાશક - Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College,
Porbandar.
મુદ્રક : ''ગેલી પ્રિન્ટર્સ'' પોરબંદરમાં છપાવી તે જ સ્થળેથી પ્રગટ કર્યુ.
વર્ષ : ૭- અંક : પર જુન/જુલાઈ-૨૦૧૭ (૯૦૯૯૯૭૮૧૨૭)

## ૧) ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજ, પોરબંદરમાં યોગા ડેની ભવ્ય ઉજવણી :-

પોરબંદરની ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં તા. ૨૧-૦૬-૨૦૧૭ ના રોજ, યોગા ડે ની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ. જેમાં ૧૫૦૦ વિદ્યાર્થિનીઓ તેમજ બધા જ સ્ટાફ મેમ્બર્સ હાજર રહેલ અને યોગા એક્ષ્પર્ટ તરીકે ચૌટાના શ્રી જીવાભાઈ ખૂંટી અને શ્રી ખીમાભાઈ મારૂએ સેવા આપેલ. યોગા ડે પૂર્વે ૩ દિવસ માટે યોગા ટ્રેઈનીંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં દરરોજ સવારે એક-એક કલાક બધી જ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધેલ. ટ્રેઈનીંગ દરમિયાન શ્રી જીવાભાઈએ યોગાથી થતા ફાયદા વિશે વિગતવાર માહિતી આપેલ. પ્રિન્સિપાલશ્રી ડૉ. અનુપમ આર. નાગરસાહેબ, ટ્રસ્ટીશ્રીઓ તથા કોલેજના વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબે કાર્યક્રમને સફળતા અપાવવામાં અથાગ પ્રયત્નો કરેલ. છેલ્લા ત્રણ વર્ષથી કોલેજમાં ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

## ૨) ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ સંપન્ન :-

પોરબંદર જિલ્લાની સર્વશ્રેષ્ઠ શિક્ષણ સંસ્થાઓમાં આગવું સ્થાન ધરાવતી ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ ના પ્રથમ દિવસે સમૂહ પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી તેમજ ભારતીય સંસ્કૃતિની પરંપરા અનુસાર પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓને પ્રા. જલ્પાબહેન, પ્રા. સોનલબહેન, પ્રા. કિરણબહેન અને પ્રા. મોનિકાબહેને કુમકુમ તિલક કરીને હૃદયપૂર્વક આવકાર્યા હતા.



આ પાવન અવસરે સંસ્થાના પ્રિન્સિપાલશ્રી ડૉ. અનુપમ આર. નાગરસાહેબે પ્રાસંગિક ઉદ્દ્બોધન આપતા સૌ પ્રથમ આર્ટસ, કોમર્સ-ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ તથા હોમસાયન્સ વિભાગના દરેક અધ્યાપકોનો પરિચય તેઓની વિશેષતાઓ વર્ણવીને કરાવ્યો હતો. સાથે સાથે પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓને ધ્યાનમાં લઇ દિનચર્યા અંગે છણાવટ કરતા કહ્યું હતું કે, સૌએ માતા-પિતાની ભાવનાને અને તેમના વિશ્વાસને કોલેજના ૩ વર્ષ દરમિયાન ખરા અર્થમાં ચરિતાર્થ કરવાના છે તેમજ 'આપણું શરીર અને મન એ ઈશ્વરના મંદિર સમાન છે.' એમ કહીને સ્વચ્છતા, અભ્યાસ, પરિશ્રમ અને વ્યાયામ જેવી બાબતો પર વિશેષ ધ્યાન દોર્યું હતું.

આ પ્રસંગે વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરાસાહેબે કોલેજના વાતાવરણ, નીતિ-નિયમો, રમત-ગમત, પુસ્તકાલય અને વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અંગે રૂપરેખા આપી વિદ્યાર્થિનીઓને માહિતગાર કરેલ. આ તકે અર્થશાસ્ત્ર વિભાગના વડા ડૉ. ઈલાબહેન થાનકીએ વિદ્યાર્થિનીઓને સંબોધતા કહ્યું હતું કે, 'માત્ર અભ્યાસલક્ષી શિક્ષણ જરૂરી નથી એ સાથે વધારાનું જ્ઞાન પણ એટલું જ જરૂરી છે. આજે માર્કેટ પણ વધારાના જ્ઞાનની અપેક્ષા રાખે છે. માટે ૩ વર્ષ ખૂબ જ પરિશ્રમ કરો અને તમારા માતા-પિતાને સારું પરિણામ આપો' એમ જણાવી સત્ય,

પારદર્શિતા અને સમયનું આયોજન આ ત્રણ બાબત ઉપર વિશેષ ભાર મૂકતા જણાવ્યું કે, 'પાયાની ત્રણ બાબતો જો તમારામાં ચરિતાર્થ થશે તો વિશ્વના કોઈ પણ ખૂણામાં તમે જશો તો ક્યારેય પાછા પડશો નહીં' એમ જણાવી જ્ઞાનીઓના જીવનચરિત્રો વાંચવાની પ્રેરણા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજની વિદ્યાર્થિની કુ. મિતલ મોકરીયાએ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રિન્સિપાલ ડૉ. અનુપમ આર. નાગરસાહેબના માર્ગદર્શન હેઠળ વાઈસ પ્રિન્સિપાલશ્રી હરિભાઈ કગથરા તથા પ્રા. ડૉ. ઈલાબહેન થાનકી સાથે વિદ્યાર્થિનીઓની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.. આ પ્રસંગે સંકુલના પ્રમુખ ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, કાર્યકરી ટ્રસ્ટી ભરતભાઈ વિસાણા સહિત સમગ્ર ટ્રસ્ટીમંડળે અભિનંદન અને આશીર્વાદ પાઠવ્યા હતા.

## ૩) શિક્ષણ, સંસ્કાર અને શિસ્તના ત્રિવેણી સંગમ સમી ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજનો ૩૦ મા સ્થાપના દિવસની ભવ્યતા : બ્લડ ડોનેશન કેમ્પ અને વિદ્યાર્થિનીઓનો ઉમંગોત્સવ :-

ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજના ૩૦ મા સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી તા. ૧ જુલાઈ, ૨૦૧૭ ના રોજ બ્લડ ડોનેશન કેમ્પ અને વિદ્યાર્થિનીઓના ઉમંગોત્સવ વચ્ચે કરવામાં આવી.

કાર્યક્રમની શરૂઆત મા સરસ્વતીની વંદના અને દીપ પ્રાગટ્ય તથા મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી કરવામાં આવી. ત્યારબાદ બી.કોમ. અંગ્રેજી માધ્યમના અંગ્રેજી વિષયના વ્યાખ્યાતા તાજેતરમાં જ પીએચ. ડી.ની પદવી મેળવનાર ડૉ. ઋષિભાઈ પંડયાનું મહાનુભાવોના વરદ હસ્તે શાલ ઓઢાડી સ્મૃતિચિહ્ન આપીને સન્માન કરાયું.

પ્રસંગોચિત્ત પ્રવચન આપતા મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી, ડૉ. અનુપમ આર. નાગર સાહેબે ટ્રસ્ટીઓની ત્યાગભાવના, પરમાર્થસેવાઓ, સરસ્વતીવંદના જેવા ઉચ્ચ વિચારોને ચરિતાર્થ કરવા બદલ તેમને અભિનંદન પાઠવી સંસ્થાના સુવર્ણ ઈતિહાસની ઝાંખી કરાવતા કહ્યું કે, તા. ૧-૭-૧૯૮૮ના રોજ, પોરબંદરમાં શિક્ષણ અને મહિલા ઉત્કર્ષના ઉમદા હેતુ સાથે શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટના નેજા હેઠળ મહિલા કોલેજની સ્થાપના તત્કાલિન (પૂર્વ) પ્રિન્સિપાલ ઘનશ્યામભાઈ મહેતાની ઉપસ્થિતિમાં પ્રારંભ કરેલો. ડૉ. વિરમભાઈ ગોઢાણિયા અને શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા ઉપરાંત શ્રી ભરતભાઈ ઓડેદરા, શ્રી શાંતાબહેન ઓડેદરા, શ્રી જયશ્રીબહેન ઓડેદરા તથા શ્રી મધુસુદન મહેતા સહિત સમગ્ર ટ્રસ્ટીગણે કન્યા કેળવણીની અમૂલ્ય-અતૂલ્ય સેવાનું સ્વપ્ન સેવ્યું અને આ માટે તેમણે ઉત્કૃષ્ટ શિક્ષણને પોતાનો ધર્મ માની કન્યા કેળવણીનું બીજ રોપ્યું. જેને ટ્રસ્ટના પ્રમુખ ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ ઉછેર્યું તો અન્ય ટ્રસ્ટીઓના સતત માર્ગદર્શન અને સહકાર સાથે કર્મચારી ગણે જે સતત અને સખત પરિશ્રમ કર્યો. તેણે પ્રગતિમાં સફળતાના રંગ પૂર્યા અને અધ્યાપનની પવિત્ર વિધિમાં વિદ્યાર્થીઓ એ જે ખંત અને મહેનત દાખવ્યા. તેણે સંસ્થાને નામના અપાવી અને આ રીતે આજનું ભવ્યાતિભવ્ય શૈક્ષણિક સંકુલ કાર્યરત બન્યું અને આજે હવે એક નવું સંકુલ પણ અસ્તિત્વમાં આવી ચૂક્યું છે. આજે સફળતાના અનેક સોપાનો સર કરીને આ સંસ્થા ૨૯ વર્ષ પૂર્ણ કરી ૩૦ મા વર્ષમાં પ્રવેશી છે.

બાદમાં વિદ્યાર્થિનીઓને સંબોધતા ડૉ. અનુપમ આર. નાગર સાહેબે કહ્યું હતું કે, ''તમારે તમારી કલાને જગાડી એને સાચું સ્વરૂપ આપી સમાજને ઉપયોગી બનવું જોઇએ. આપણી આંતરિક શક્તિને પ્રસ્તુત કરવાની પ્રક્રિયા દરમિયાન ઘણા બધા તત્વો આપણને વિચલિત કરતા હોય છે. તે માટે અભિયાન, ક્રોધ, લોભ, વાસના, આળસ, અસંતોષ જેવા અવગુણોથી સાવધાન રહી સતત કાર્યશીલ રહી નિંદાનો ત્યાગ કરવ જોઈએ.''

વધુમાં તેમણે સંસ્થાના મેનેજમેન્ટની સતત અને નિઃસ્વાર્થ સેવાને બિરદાવતા કહ્યું હતું કે, ''નિઃસ્વાર્થ ભાવે અન્ય માટે કરેલું કોઇપણ કાર્ય સફળતાને વરે છે. દરેક મનુષ્યને સત્કર્મ કરવાની તક મળતી જ હોય છે પણ

આ તકનો સદ્ઉપયોગ કરી સેવા કરવાની તક ઝડપી લેવી એ પણ એક કલા છે. આ વટવૃક્ષ સમી સંસ્થાના દાદાજી ડૉ. વિરમભાઈ કરોડપતિ છે અને પોતાની આ સંપતિને અન્યત્ર ઉપયોગમાં લઇને ઘણી મોટી પ્રગતિ કરી શકે તેમ છે. પણ તેઓ શિક્ષણને મહત્વ આપીને ઉંમરને ધ્યાનમાં લીધા વિના પોતાના તન, મન અને ધન તેની પાછળ ખર્ચી રહ્યા છે. તેમનું આ કાર્ય સરાહનીય છે. તેમની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે.''

પ્રાસંગિક ઉદ્બોધનમાં કાર્યકરી ટ્રસ્ટી, શ્રી વિસાણા સાહેબે કહ્યું હતું કે, '' જયાં સંકલન અને સહકાર હોય તેવી સંસ્થાનો વિકાસ અવશ્ય થાય છે. આ મહિલા કોલેજ તેનું ઉદાહરણ છે. આ સંસ્થાની શૈક્ષણિક અને સહશૈક્ષણિક કેળવણીને લઇને સ્થાનિક અને ગ્રામ્ય વિસ્તાર સંસ્કારી અને શિક્ષિત બની રહ્યો છે. જે અમારા માટે ગૌરવની વાત છે.'' તેમણે દીકરીઓ શિક્ષણ સાથે સંસ્કારલક્ષી કેળવણી લઇ સમાજમાં પરિવાર અને સંસ્થાનું ગૌરવ વધારે તેવી શુભેચ્છાઓ વ્યકત કરી હતી. તો અતિથિ વિશેષ એવા ડૉ. વી. આર. ગોઢાણિયા બી.એડ્. કોલેજના પ્રિન્સિપાલશ્રી, માનનીય ડૉ. ભરડાસાહેબે પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, '' અંધકારમાંથી પ્રકાશ તરફ લઇ જાય તે જ સાચી કેળવણી. આ વાતને ધ્યાનમાં લઇ આ સંસ્થાએ સ્ત્રીસશક્તિકરણનું એક ઉમદા ઉદાહરણ પૂરું પાડયું છે. આથી જ ટ્રસ્ટીઓ અને સંસ્થા સમાજમાં આદરણીય સ્થાન ધરાવે છે અને શહેર માટે ગૌરવપ્રદ છે.''

ઉમંગોત્સવના પ્રારંભમાં વિદ્યાર્થિનીઓએ ''મા શારદા'' ની સ્તુતિ પર નૃત્ય રજૂ કર્યું. ત્યારબાદ વિવિધ રંગારંગ કૃતિઓ જેવી કે, ગણેશસ્તુતિ કલાસીકલ ડાન્સ, સોલોસોંગ, ગ્રુપ ડાન્સ વગેરે રજૂ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થિનીઓ દ્વારા ઉપાચાર્યશ્રી, પ્રા. હરિભાઈ કગથરા, ડૉ. ઈલાબહેન થાનકી, કલ્પનાબહેન જોષી, ડૉ. મુળજીભાઈ વાઘેલા, પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા, પ્રા. વર્ષાબહેન જોષી અને સમગ્ર અધ્યાપકગણના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

તો બીજી તરફ કોલેજની હેલ્થ કમિટિ, રેડક્રોસ સોસાયટી અને સામુદાયિક સેવાધારાના સંયુકત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. પ્રાથમિક તબક્કે જ્ઞાનધારા અંતર્ગત કન્વીનર ડૉ. સુલભાબહેન દેવપુરકર અને ડૉ. કિર્તીબહેન જાનીની ઉપસ્થિતિમાં આશરે ૫૦૦ વિદ્યાર્થિનીઓને આશા બ્લડ બેંકના શ્રી કમલેશભાઈ તેમની ટીમ તથા ડૉ. કેતનભાઈ શાહે ખૂબ જ વ્યસ્થિત રીતે માહિતી આપી. તેમને બ્લડ ડોનેશનની સાયન્ટીફીક તથા સામાજિક જરૂરીયાત સમજાવી. બ્લડ ડોનેટ કોણ કરી શકે અને કોણ નહી તે અંગે પણ માહિતી આપેલ. આ સેવાકાર્યમાં જોડાવા સૌને અનુરોધ કર્યો. જેને લઇને સવારથી જ વિદ્યાર્થિનીઓમાં બ્લડ ડોનેશન માટે ઉત્સાહ જોવા મળ્યો હતો.

બ્લડ ડોનેશન કેમ્પના બીજા ચરણમાં બ્લડ ડોનેશનની કામગીરી ડૉ. જયશ્રીબહેન પરમાર, ડૉ. ચેતનાબહેન બેચરા, ડૉ. કેતનભાઈ શાહ, ડૉ. ગીતાબહેન ઉનડકટ, પ્રા. દક્ષાબહેન ચોટાઈ, ડૉ. રેખાબહેન મોઢા અને શ્રી હરિભાઈ કગથરાના માર્ગદર્શન હેઠળ પ્રિન્સિપાલશ્રી ડૉ. અનુપમ આર. નાગરસાહેબ, પ્રાધ્યાપકો અને ૫૧ વિદ્યાર્થિનીઓએ બ્લડ ડોનેટ કરેલ.

સંસ્થાના પ્રમુખશ્રી, ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને સમગ્ર ટ્રસ્ટીમંડળે શુભેચ્છાઓ પાઠવી હતી.

## ૪) ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં પ્રથમ વર્ષમાં મેળવનાર વિદ્યાર્થિનીઓનો સત્કાર સમારંભ યોજાયો - સંકુલના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની પ્રેરક ઉપસ્થિતિ :-




પોરબંદરની મહિલા ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે જાણીતી ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં તા. ૦૮/૦૭/૨૦૧૭ ના રોજ વિદ્યાર્થિનીઓના સત્કાર સમારંભનું આયોજન કરવામાં આવેલ. જેમાં ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢ વાડિયાની પ્રેરક ઉપસ્થિતિ ગુરૂપૂર્ણિમાના આશીવર્ચનો સાથે વિદ્યાર્થિનીઓ તથા સમગ્ર મહિલા કોલેજ પરિવાર માટે અવિસ્મરણીય બની રહી હતી.

કાર્યક્રમનો પ્રારંભ કોલેજ પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અધ્યાપકોના હસ્તે મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, વર્કિંગ ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા તથા પ્રિન્સિપાલશ્રી ડૉ. અનુપમ આર. નાગરસાહેબનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સાથે કોલેજના મેગેઝીન સંગાથ અંક-૧૦નું અને ન્યૂઝ લેટર ગ્રાફીટીનું (બી.એ. અંગ્રેજી વિભાગ) સર્વે મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું.

આ પ્રસંગે કોલેજના આદરણીય અતિથિશ્રી અર્જુનભાઈ મોઢાવાડિયાનું શબ્દોથી સ્વાગત કરતા પ્રિ.શ્રી. ડૉ. અનુપમ નાગરસાહેબે કહ્યું હતું કે સંકુલમાં ડેવલપમેન્ટ અભ્યાસક્રમો ચાલી રહ્યા છે તેમજ અંગ્રેજી, કમ્પ્યુટર, ટીચીંગ, લર્નિંગ, હેલ્થ જેવા કાર્યક્રમો આપી વિદ્યાર્થિનીઓનું સર્વાંગી ઘડતર થાય તેના સઘન પ્રયાસો થઇ રહ્યા છે તેમજ યુનિ. કક્ષાએ તેજસ્વી પ્રતિભા સાથે ઝળકી રહેલી વિદ્યાર્થિનીઓ બારૈયા અંકિતા, ટીટીયા માનસી, ભૂતિયા શાંતિ, જોબનપુત્રા વંદના, ગોવિંદવિરા નીલમ અને ઓડેદરા નિશા વગેરેને અભિનંદન પાઠવી તેનો શ્રેય વિદ્યાર્થિનીઓ અને તેમના અધ્યાપકોને આપી શિક્ષણની વિકાસ ગાથા પ્રસ્તુત કરી મહાનુભાવોને આવકાર્યા હતા.

સંકુલના વર્કિંગ ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા ગુરૂપૂર્ણિમા નિમિત્તે સૌને સ્નેહભર્યા આશીર્વચનો આપતા જણાવ્યું હતું કે, ગોઢાણિયા સંકુલને અર્જુનભાઈનું માર્ગદર્શન અને હુંફ આપના સતત મળતા રહે છે. શિક્ષણક્ષેત્રના તેમના વિશાળ અનુભવોનો લાભ વિદ્યાર્થિનીઓને સતત મળતા રહે એમ અમે ઈચ્છીએ છીએ. વધુમાં તેમણે ગુરૂપૂર્ણિમાને અનુસંધાને કહ્યું હતું કે, ગુરૂપૂર્ણિમાંએ ગુરૂ-શિષ્યના પ્રેમનું પાવનપર્વ છે. ગુરૂપૂર્ણિમાના દિવસે સમસ્ત ભારતમાં શિષ્યો પોતાના ગુરૂનું પૂજન કરી તેમના આશીર્વચનો મેળવે છે. આપણે પણ સૌએ આ પરંપરા જાળવી રાખી છે. ગુણના ગૌરવનો વિકાસ કરનાર ગુરૂ જ છે. માટે ગુરૂ પાસેથી આપણે જ્ઞાન હંમેશા મેળવતા જ રહેવાનું છે.

મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા ગુરૂપૂર્ણિમાના પવિત્ર દિવસ માટે સર્વેને શુભેચ્છા આપતા જણાવ્યું હતું કે, જીવનમાં માણસને કોઈને કોઈ સ્વરૂપે ગુરૂ મળતા હોય છે. માતા-પિતા, મિત્રો, પરિવાર, શિક્ષકો, પુસ્તકો અને ટેકનોલોજીના યુગમાં મોબાઈલ પણ ગૂરૂ બની રહે છે.

તેમાંથી જે કાંઈ પણ મળે તે શીખવું જોઈએ. આજે સ્ત્રીઓમાં આપણા દેશમાં સૌથી વધુ પરિવર્તન આવ્યું છે. ૧૯૮૮માં કોલેજના સ્થાપનાના દિવસોને યાદ કરતા જણાવ્યું કે, 'તે સમયે સમાજ દીકરીને શિક્ષણ લેવા બહાર મોકલતા સંકોચ અનુભવાતો હતો, પરંતુ હવે પરિવર્તન થઇ ચૂક્યું છે, 'તે સમયે બહેનોમાં આંતરિક શક્તિઓ પડેલી હતી જ પણ એમને ગુરૂઓના માર્ગદર્શનથી દુર રાખ્યા. આજે સમય સાથે શિક્ષણ વધ્યું એના પરિણામ સ્વરૂપ સ્ત્રીઓ નાના-મોટા ક્ષેત્રમાં હરણફાળ ભરી આગળ વધી સૌથી આગળ મોખરાનું સ્થાન મેળવે છે. તેથી જો તમારે ખરેખર જીવનમાં ઉંચાઈ પ્રાપ્ત કરવી હોય તો તમારે સતત વાંચન માટે કલાકો વધારવા જોઇએ. કોલેજ સિવાય પણ ઘરને કલાસરૂમ બનાવી વાંચનને મહત્વ આપો, જ્ઞાનથી સમૃદ્ધ બનો, નોકરી આપનારા તમને શોધતા આવશે. ગમે તેવી પરિસ્થિતિ હોય તમારા મનની અંદર ધ્યેય નક્કી હશે તો કોઈ તમને રોકી શકશે નહિ. કોઈપણ દિશામાં આગળ વધી જ્ઞાન મેળવી જે ક્ષેત્રમાં જાઓ ત્યાં અવ્વલ નંબર પર સ્થાન પ્રાપ્ત કરો.' એવી શુભકામનાઓ આપી હતી. અંતમાં, કોલેજના વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરાસાહેબે આભારવિધિ કરી રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો.

કાર્યક્રમનું સંચાલન કોલેજની વિદ્યાર્થિનીઓએ કર્યું હતું તેમજ કાર્યક્રમને સફળ બનાવવા વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબ ડૉ. ઈલાબહેન થાનકી અન્ય અધ્યાપકો તથા વિદ્યાર્થિનીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

---

## ૫) ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં ગુરૂપૂર્ણિમાની ભવ્ય ઉજવણી :-

પોરબંદરની ખાતેની ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં ગૂરૂપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મહિલા કોલેજમાં કાર્યરત સાંસ્કૃતિક સમિત્તિ દ્વારા આયોજીત આ કાર્યક્રમનો મંગલપ્રારંભ કુ. વાળા વિભૂતિ દ્વારા ગણેશ સ્તુતિ અને ગુરૂવંદનાના ભજનથી કરવામાં આવ્યો. ત્યારબાદ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રામકૃષ્ણ આશ્રમ પોરબંદર ખાતેના પુજય સ્વામીશ્રી આત્મદીપાનંદજી, પ્રિન્સિપાલશ્રી ડૉ. અનુપમ નાગરસાહેબ, વાઈસ પ્રિન્સિપાલશ્રી હરિભાઈ કગથરા, સાંસ્કૃતિક સમિતિના કન્વીનરશ્રી ડૉ. ઈલાબહેન થાનકી અને હિન્દી વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. વાઘેલાસાહેબનું વિદ્યાર્થિનીઓએ પુષ્પગુચ્છ સાથે ઉષ્માસભર અભિવાદન કર્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ ગુરૂવંદના અને ગુરૂ-શિષ્ય સંબંધી પોતાના વિચારો પ્રસ્તુત કરી સૌને ભાવવિભોર કર્યા હતા.

પ્રાસંગિક ઉદ્દબોધન કરતા સંસ્થાના પ્રિન્સિ. ડૉ. અનુપમ નાગરસાહેબે કવિવર ગુરૂદેવ રવિન્દ્રનાથર ટાગોરનું સ્મરણ કરતા તેઓ કયા પ્રકારના શિષ્યની અપેક્ષા રાખતા તે સંદર્ભે તેમની કવિતા દ્વારા સમજાવતા કહ્યું હતું કે, પોતાનું મન મુકત, આત્મવિશ્વાસ, કૌટુંબિક ભાવના, વિવેકશીલ અને ઉત્તમ વિચારોથી ભરેલું હોય એવા શિષ્યની અપેક્ષા રાખતા સાથે ગૂરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, અને ગુરૂ મહેશના અર્થ સમજાવી સૌની ઉપર મા સરસ્વતીની કૃપા વરસતી રહે એવા આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગે પૂજયશ્રી આત્મદીપાનંદજીએ આશીર્વચનો આપતા કહ્યું હતું કે, 'વ્યાસ પૂર્ણિમા એટલે પરંપરા ગુરૂની પુજા, સનાતન ધર્મમાં ચાલનારી પ્રથા છે. આપણે ત્યાં આધ્યાત્મિક જ્ઞાન ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ અને ગુરૂ મહેશ, શુકદેવજી, વશિષ્ઠ ઋષિ વગેરે ગૂરૂ-શિષ્ય પરંપરાને યાદ કરી વ્યાસજીએ ચાર વેદમાં મુખ્ય ૧૦૮ ઉપનિષદના ભાગ લખ્યા તે અંગે વિશેષ છણાવટ કરી વિદ્યાર્થિનીઓએ મનુષ્ય જીવન કેટલું મુલ્યવાન છે તેની સમજૂતી આપી જીવનમાં ક્યારેય હતાશ ન થવું. સારા શિષ્ય બનો તો સારા ગુરૂ પ્રાપ્ત થાય એમ કહી અંતે એક શુભાષિત દ્વારા પ્રયત્નશીલ, ધ્યાન, એકાગ્રતા, સત્યતા, નિષ્ઠા જેવા ગુણો જીવનમાં ઉતારી મનને શુદ્ધ બનાવી

સાચા શિષ્ય બનશો તો હંમેશા તમારા જીવનમાં સફળતા મળશે જ.' એવા આશીર્વચનો સાથે પવિત્ર ગીતાજીનું અધ્યનન જીવનમાં રાખજો એવી પ્રેરણા આપી હતી.

આ ઉપરાંત ગૂરૂપૂર્ણિમાના નિમિત્તે વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. ઈલાબહેન થાનકી, પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા, પ્રા. વર્ષાબહેન જોષી તથા સ્મિતાબહેન આચાર્યએ સેવાઓ આપી હતી. સ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થિનીઓમાં વકતૃત્વ સ્પર્ધામાં, પ્રથમ ક્રમે : કુ. પરમાર સૃષ્ટિ, દ્વિતીય ક્રમે : પાંધી શિખા, તૃતીય ક્રમે : વારા મનીષા, ઝીદાણી અભીઝ, નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમ કુ. તેરૈયા નિશા, દ્વિતીય ક્રમે જોષી ધારા, તૃતીય ક્રમે લાખાણી રચના અને ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. ઓડેદરા પૂજા વિજેતા થયા હતા. જેમાં પ્રથમ નંબરે આવતી વિદ્યાર્થિનીઓને શિલ્ડ તથા દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર વિદ્યાર્થિનીઓને અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા હતા. અંતમાં, આભારવિધિ અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો.

સમગ્ર કાર્યક્રમનુ સુંદર સંચાલન મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓ કુ. મોકરીયા મિતલ તથા કુ. સૌમેયા કિરણે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સાંસ્કૃતિક સમિતિના કન્વીનરશ્રી ડૉ. ઈલાબહેન થાનકી, સભ્યશ્રીઓ પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા, પ્રા.ડૉ. વાઘેલાસાહેબ, વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબ, પ્રિન્સિપાલશ્રી ડૉ. અનુપમ આર. નાગરસાહેબ તથા સમગ્ર કોલેજ પરિવારે જહેમત ઉઠાવી હતી.

## ૬) ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં રેઈકી અવરનેશ કાર્યક્રમ યોજાયો :-

પોરબંદરની ખાતેની ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં રેઇકી અવરનેશ પ્રોગ્રામનું આયોજન તા. ૦૮/૦૭/૨૦૧૭ ના રોજ, રંગકલા કૌશલ્ય ધારા, યુથ રેડક્રોસ અને હોમસાયન્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે ડૉ. અનુપમ આર. નાગરસાહેબના માર્ગદર્શન નીચે યોજવામાં આવેલ જેમાં રિદ્ધિ સિદ્ધિ રેઈકી સેન્ટરના ક્રિસ્ટલ ગ્રાન્ડમાસ્ટરશ્રી ભરતભાઈ રાવલ તેમજ રેઈકી શિક્ષક શ્રીમતી ગીતાબહેન ભરતભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં રંગકલા કૌશલ્યધારાના કન્વીનરશ્રી ડૉ. સ્મિતાબહેન આચાર્યએ ઉપસ્થિત મહેમાનોનો પરિચય કરાવી રેઈકી એટલે શું ? એની પ્રાથમિક માહિતી આપી એ અંગેની જાણકારી મેળવવા વિદ્યાર્થિનીઓને ઉત્સાહિત કર્યા હતા.

આ તકે ગ્રાન્ડમાસ્ટરશ્રી ભરતભાઈ રાવલ, શ્રીમતી ગીતાબહેન અને તેમની ટીમ સાથે રેઈકી અંગેની વિશેષ માહિતી આપતા શ્રી ભારતભાઈએ કહ્યું હતું કે, રેઈકી એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે. તેનાથી શારીરિક, માનસિક રીતે સ્વસ્થ થવાય તેમજ સર્વવ્યાપી જીવનશક્તિ, ઉર્જાશક્તિ, સાત્ત્વિકશક્તિ તેમજ હકારાત્મકશક્તિ પ્રાપ્ત થાય છે. તેની વિસ્તૃત ચર્ચા કરી રેઈકી દ્વારા આનંદમય જીવન માટેની વિદ્યાર્થિનીઓને પ્રેરણા આપી હતી અને આભારવિધિ સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો.

કાર્યક્રમનું સુંદર સંચાલન કુ. કિરણબહેન તથા કુ. કોમલબહેને કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા હોમસાયન્સ વિભાગના અધ્યક્ષ ડૉ. ચેતનાબએન બેચરા તથા ડૉ. સ્મિતાબહેન આચાર્ય તેમજ વિભાગના અન્ય અધ્યાપકોએ જહેમત ઉઠાવી હતી તથા તેમને સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. અનુપમ આર. નાગરસાહેબ, વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબનું અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

## ૭) સાહિત્યકાર પ્રેમચંદજીની ૧૩૭મી જન્મજયંતિ ઉજવાઈ :-

પોરબંદરની ખાતેની ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં હિન્દી વિભાગ દ્વારા સાહિત્યકાર પ્રેમચંદજીની ૧૩૭ની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટના હિન્દી વિભાગના ભૂતપૂર્વ રીડર, આદરણીય ડૉ. ગિરીશભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો. સાથે મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ.મુળજીભાઈ વાઘેલાએ સ્વાગત પ્રવચન દરમિયાન કાર્યક્રમની રૂપરેખા આપી સૌને આવકાર્યા હતા. આ પ્રસંગે આદરણીય ડૉ. ગિરીશભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સાહિત્યકાર પ્રેમચંદજીને યાદ કરતા જણાવ્યું હતું કે, હિન્દી સાહિત્યમાં પ્રેમચંદજીનો ફાળો અનન્ય રહ્યો છે. તેમના સાહિત્યમાં સર્જનાત્મક પ્રતિબદ્ધતાનું અનોખું ગૌરવ રહ્યું છે અનેક સૌંદર્ય-સભર કૃત્તિઓ દ્વારા તેમણે જીવનમાં માધુર્યની મહિમામયતાના ગાનનું વિરલ લેખન શૈલીથી સર્જન કર્યું છે તે તેમને યુગપર્યંત, અનન્ય ઉજ્જવલ સર્જક ક્રમના યશમાં સહભાગી બનાવે છે એમ જણાવી વકતૃત્વ સ્પર્ધાના સ્પર્ધકોના વિષયો ઉપર વિશેષ વિચાર વિમર્શ કરી વિદ્યાર્થિનીઓને પ્રેરણા આપી હતી. પ્રિન્સિપાલશ્રી ડૉ. અનુપમ આર. નાગરસાહેબે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે, વૈશ્વિક સાહિત્યની વાત કરીએ ત્યારે વિશ્વના અમેરિકા, રશિયા, ફ્રાંસ જેવા દેશોમાં જે મહાન સાહિત્યકારો થઇ ગયા છે તેમની હરોળમાં પ્રેમચંદજીનું સાહિત્ય પણ સામેલ છે. વૈશ્વિક સાહિત્યકારોના વિચારો પ્રગટ કરતા તેમણે વિશ્વકાલથી પ્લેટો અને એરીસ્ટોટલ સાથે પ્રેમચંદના સાહિત્યની પ્રાસંગિકતા ઉપર વિસ્તૃત ચર્ચા કરી હતી. આ તકે હિન્દી વિભાગના પ્રા. ડૉ. સંગીતાબહેને પ્રેમચંદજી લિખીત ''નમક કા દરોગા'' કૃત્તિ સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ ઉપરાંત, પ્રેમચંદના જીવન કવનના અનુસંધાને સ્પર્ધાઓ યોજવામાં આવેલ જેમાં જિલ્લાકક્ષાએ આંતરકોલેજ નિબંધ સ્પર્ધા ઉપરાંત, કોલેજ કક્ષાએ ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓ માટે વકતૃત્વ સ્પર્ધા અને પ્રોજેકટ સ્પર્ધાનું આયોજન થયેલ.

જિલ્લાકક્ષાની નિબંધ સ્પર્ધામાં જિલ્લાની વિવિધ કોલેજમાંથી ૩૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધેલ. જેમાં ગુરૂકુળ મહિલા કોલેજની વિદ્યાર્થિની રૂઘાણી દિપાલી એચ. એ પ્રથમ નંબર, ગોઢાણિયા મહિલા કોલેજની શિંગરખીયા સુનિતા જી. એ દ્વિતીય ક્રમે તથા ગોઢાણિયા મહિલા કોલેજની પરમાર કાજલ એન. એ તૃતીય ક્રમ મેળવ્યો હતો. કોલેજ કક્ષાની વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબરે પાંડાવદરા જયશ્રી આર., દ્વિતીય ક્રમ હરખાણી હાર્દિકા ડી. તથા તૃતીય ક્રમ રુડાચ લક્ષ્મીએ મેળવ્યો હતો. કોલેજ કક્ષાની પ્રોજેકટ સ્પર્ધામાં બે ગ્રુપ હતા. જેમાં પ્રથમ ગ્રુપ વિજેતા જાહેર થયેલ.

કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેલા ડૉ. ગિરીશભાઈ ત્રિવેદી આ સ્પર્ધામાં રજૂ થયેલી કૃતિઓથી એટલા પ્રભાવિત થયા કે તેમણે પ્રથમ નંબરે વિજેતા જાહેર થયેલ તમામ વિદ્યાર્થિનીઓને ૧૫૧ રૂપિયા પુરસ્કારરૂપે એનાયત કરી પ્રોત્સાહન આપ્યું હતું. તેમની હિન્દી પ્રત્યેની આ પ્રેમસભર દિલેરી માટે સંસ્થા તેમજ વિદ્યાર્થિનીઓએ આભાર વ્યકત કર્યો હતો. અંતમાં ડૉ. વાઘેલાસાહેબે આભારવિધિ કર્યા પછી રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો હતો.

હિન્દીભાષા અને હિન્દી સાહિત્યના સમર્થનમાં યોજાયેલ આ કાર્યક્રમ થકી ભારતના ભાવિ નાગરિકો એવા વિદ્યાર્થિનીઓમાં હિન્દી ભાષાનું જે જ્ઞાન પ્રચાર-પ્રસાર પામ્યું તે ખરે જ સાર્થક છે અને આવા કાર્યક્રમનું ઘટમાળ આવકાર્ય છે. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શિંગરખીયા દિવ્યા તથા ભીંભા મનિષાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને

સફળ બનાવવામાં હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. વાઘેલાસાહેબ ડૉ. સંગીતાબહેન પારેખ તેમજ કોલેજની વિદ્યાર્થિનીઓએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમ માટે પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબનું અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. સંસ્થાના પ્રમુખ ડૉ. વિરમભાઈ ગોઢાણિયા અને મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા સહિત સમગ્ર ટ્રસ્ટી મંડળે શુભેચ્છાઓ પાઠવી હતી.

## ૮) પોરબંદરની ગોઢાણિયા મહિલા કોલેજમાં એસ.ડી.પી. અંતર્ગત વર્કશોપ યોજાયો :-

ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં નેશનલ એસસમેન્ટ એન્ડ એક્રીડીટેશન કાઉન્સીલ એન.એ.સી.સી.ની આ સંસ્થાના મુલ્યાંકન માટેની મુલાકાત પૂર્વે સ્ટુડન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં વર્કશોપ યોજાયો હતો.

ભારતના શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણની સેવાઓને એકસૂત્રતામાં જોડતાં અને તેના પર નિયંત્રણ રાખતા કેન્દ્ર સરકાર હસ્તકના રાષ્ટ્રીય એકમ યુ.જી.સી. એ એન.એ.સી.સી.ની એક સ્વાયત સંસ્થાની સ્થાપના કરી છે. જેને સ્થાનિક ભાષામાં 'રાષ્ટ્રીય મૂલ્યાંકન અને પ્રત્યાયન પરિષદ' તરીકે આપણે ઓળખીએ છીએ. આ એક સ્વતંત્ર સંસ્થા છે અને તેનું કાર્ય ભારતમાં ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનું મૂલ્યાંકન કરી તેમની રાષ્ટ્રકક્ષાની ક્ષમતાનું પ્રમાણપત્ર આપવાનું છે. યુ.જી.સી. ના નિયમ અનુસાર ઉચ્ચ શિક્ષણ આપતી દરેક શૈક્ષણિક સંસ્થાએ દર પાંચ વર્ષે પોતાનું રાષ્ટ્રીય મૂલ્યાંકન 'નેક' દ્વારા કરાવવાનું હોય છે. ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ બે વખત 'નેક' દ્વારા મૂલ્યાંકન કરાવી પ્રમાણપત્ર મેળવી ચૂકી છે. હવે, ત્રીજી વખત પુનઃમૂલ્યાંકન માટેની પૂર્વતૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે ત્યારે નેક દ્વારા મૂલ્યાંકન માટેના નક્કી કરાયેલા ક્રાઈટેરીયાને કેન્દ્રમાં રાખીને તા. ૨૭/૭ થી તા. ૩/૮ સુધી સ્ટુડન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ 'નેક' અને તેના મૂલ્યાંકનની જાણકારી સંબધે વિદ્યાર્થિનીઓને માહિતગાર કરતા વર્કશોપનું આયોજન આઈ.ક્યુ.એ.સી. કમિટીના ઉપક્રમે થયેલ, જેમાં સૌરા.યુનિ.ના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. પી.જી. મારવાણિયા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.

વર્કશોપનું ઉદ્‌ઘાટન પ્રસંગે દીપપ્રાગટ્ય બાદ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંસ્થાના પ્રિન્સિપાલશ્રી ડૉ. અનુપમ આર. નાગરસાહેબે વિદ્યાર્થિનીઓને નેક અંગેની વિસ્તૃત માહિતી આપી તથા વર્કશોપના કો-ઓર્ડિનેટર પ્રા. કલ્પનાબહેન જોષી વર્કશોપના કાર્યક્રમની રૂપરેખા તથા દરેક ક્રાઈટેરિયાના કન્વીનરોએ સંબંધિત માપદંડોને કેન્દ્રમાં રાખી વિદ્યાર્થિનીઓને સાત દિવસ સુધી એક-એક એમ સાત માપદંડોની સંપૂર્ણ સમજ આપી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પ્રા. કલ્પનાબહેન જોષી અને ડૉ. ઈલાબહેન થાનકી તેમજ વિદ્યાર્થિનીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. સંસ્થાના કાર્યકરી ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા, પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ તથા વાઈસ પ્રિન્સિપાલશ્રી હીરભાઈ કગથરાનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. સંસ્થાના પ્રમુખ ડૉ. વિરમભાઈ ગોઢાણિયાએ પણ સંદેશ પાઠવીને એસ.ડી.પી. ના કાર્યક્રમો થતા રહે તે અંગે પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

## ૯) C.C.D.C. અંતર્ગત થયેલ પ્રવૃત્તિઓ :-

★ તા. ૨૨/૦૬/૨૦૧૭ ના રોજ,એસ.બી.આઈ. લાઈફ ઇશ્યોરન્સ દ્વારા મેનેજર અને એડવાઈઝર માટેની ભરતી પ્રક્રિયા અંગે યુનિટ મેનેજરશ્રી જાનકી સિદ્ધપુરા દ્વારા વિદ્યાર્થિની બહેનોને માહિતી આપવામાં આવેલ.

★ તા. ૨૭/૦૬/૨૦૧૭, ઉદીશા અંતર્ગત મીટીંગનું આયોજન કરવામાં આવેલ.

★ તા. ૨૯/૦૬/૨૦૧૭ ના રોજ, C.C.D.C. અંતર્ગત IBPS - Banking નો શોર્ટ-ટર્મ કોર્ષ શરૂ કરવામાં આવેલ.

★ તા. ૨૦/૦૭/૨૦૧૭ ના રોજ, ઉદ્દીશા તથા C.C.D.C. દ્વારા Junior Chamber International - JCI સહયોગથી Women Empowerment વિષય પર સેમિનાર યોજવામાં આવેલ. આ. કાર્યક્રમમાં JCI ના પ્રમુખ શ્રી રાજેશભાઈ કોટેચા, ભૂતપૂર્વ પ્રમુખશ્રી કલ્પેશભાઈ અમલાણી તથા સેક્રેટરી શ્રી તેજસભાઈ બાપોદરાએ હાજરી આપી હતી.

★ તા. ૨૬/૦૭/૨૦૧૭ થી તા. ૦૩/૦૮/૨૦૧૭ સુધી C.C.D.C. અને UDISHA અંતર્ગત Student Development Programme નું આયોજન કરવામાં આવેલ. જેમાં નેકના સાત ક્રાઈટેરિયા અંગે વિદ્યાર્થિની બહેનોને માહિતી આપવામાં આવેલ.

## ૧૦) યુથરેડક્રોસ સોસાયટી :-

★ તા. ૦૧/૦૭/૨૦૧૭ ના રોજ, બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ.
★ તા. ૦૮/૦૭/૨૦૧૭ ના રોજ, રેઇકી અવરનેશ કાર્યક્રમ રાખવામાં આવેલ. તેમાં ભરતભાઈ રાવલ અને ગીતાબહેન રાવલ તેમજ તેમની ટીમ દ્વારા રેઈકી અંગે વિદ્યાર્થિની બહેનોને માહિતગાર કરવામાં આવેલ.

## ૧૧) લાઈબ્રેરી સમિતિ :-

★ તા. ૨૧/૦૬/૨૦૧૭ ના રોજ, પર્યાવરણના ચાર્ટોનું પ્રદર્શન લાઈબ્રેરીમાં રાખવામાં આવેલ.
★ તા. ૦૭/૦૭/૨૦૧૭, ગુરૂપૂર્ણિમાની ઉજવણીના ભાગ રૂપે લાઈબ્રેરીમાં પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ.

## ૧૨) સ્કાઉટ ગર્લ્સ ગાઈડ :-

★ તા. ૦૮/૦૭/૨૦૧૭ ના રોજ, વર્કશોપ **NGO** મહિલા કલ્યાણ કેન્દ્ર, પોરબંદર
★ તા. ૧૩/૦૭/૨૦૧૭ ના રોજ, વકતૃત્વ સ્પર્ધા - ગાયત્રી પરિવાર જિલ્લા વિભાગ હરિદ્વાર હસ્તક, પોરબંદર.
★ તા. ૧૩/૦૭/૨૦૧૭ ના રોજ, રેશાકામ અંગેનો વર્કશોપ રાખવામાં આવેલ.
★ તા. ૨૬/૦૭/૨૦૧૭ ના રોજ, ૧૫ મી ઓગસ્ટ નિમિત્તે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ.
★ તા. ૨૯/૦૭/૨૦૧૭ ના રોજ, રાષ્ટ્રધ્વજ બનાવવાની સ્પર્ધા રાખવામાં આવેલ.

## ૧૩) સપ્તધારા અંતર્ગત પ્રવૃત્તિઓ :-

### ૧) ગીત-સંગીત નૃત્યધારા :-

★ તા. ૧૩/૦૬/૨૦૧૭ ના રોજ, ગીત-સંગીતધારા અંતર્ગત થતી પ્રવૃત્તિઓની માહિતી પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા દ્વારા આપવામાં આવેલ.
★ તા. ૦૪/૦૭/૨૦૧૭ ના રોજ, ''જીવનમાં સંગીતનું મહત્વ'' અનુસંધાને પ્રસંગોનું વાંચન. જેમાં ભાગ લેનાર વિદ્યાર્થિનીઓ, (૧) પરમાર પાયલ, (૨) ઓડેદરા મનિષા, (૩) તેરૈયા નિશા
★ તા. ૧૮/૦૭/૨૦૧૭ ના રોજ, ફિલ્મી સંગીતકારો વિશેની માહિતી ડૉ. વાઘેલાસાહેબ દ્વારા આપવામાં આવેલ તેમજ પ્રશ્નોતરી પણ કરવામાં આવેલ.

### ૨) સર્જનાત્મક અભિવ્યક્તિધારા :-

★ તા. ૦૫/૦૭/૨૦૧૭ ના રોજ, ''ગુરૂ-શિષ્યનો મહિમા'' વિષય પર વાંચન સ્પર્ધા રાખવમાં આવેલ. જેમાં (૧) તેરૈયા નિશા, (૨) સોમેયા કિરણ અને ટુકડીયા કોમલ, (૩) વાળા ક્રિષ્ના વિજેતા થયેલ. નિર્ણાયકશ્રી : ડૉ. ભાવનાબહેન કેશવાલાએ ફરજ બજાવેલ.
★ તા. ૧૨/૦૭/૨૦૧૭ ના રોજ, વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રથમ ક્રમાંકે મોઢવાડિયા પુતી (વિષય-સ્વામી વિવેકાનંદ), દ્વિતીય - સાદિયા ભાવિષા (ગાંધીજી), તૃતીય - મોઢવાડિયા આરતી (શ્રી અરવિંદ). નિર્ણાયકશ્રી : ડૉ. ભાવનાબહેન કેશવાલાએ ફરજ બજાવેલ.
★ તા. ૧૯/૦૭/૨૦૧૭ ના રોજ, શીઘ્ર વાર્તાલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૫૦ બહેનોએ ભાગ લીધો હતો.

### ૩) રંગકલા કૌશલ્યધારા :-

★ તા. ૦૮/૦૭/૨૦૧૭ ના રોજ - રેઈકી અવરનેશ પ્રોગ્રામ.
★ તા. ૧૫/૦૭/૨૦૧૭ ના રોજ - ડ્રોઈંગ સ્પર્ધા.
★ તા. ૨૨/૦૭/૨૦૧૭ ના રોજ - રાખડી સ્પર્ધા અને કાર્ડ મેકીંગ ડેમોસ્ટેશન.

### ૪) ખેલકૂદ-યોગ-વ્યાયામધારા :-
★ તા. ૧૫/૦૬/૨૦૧૭ થી તા. ૨૦/૦૬/૨૦૧૭ સુધી યોગા ટ્રેઈનીંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.
★ તા. ૨૧/૦૬/૨૦૧૭ ના રોજ, યોગા ડેની ઉજવણી કરવામાં આવેલ.
★ સ્પોર્ટસમાં અલગ-અલગ રમતોમાં ખેલાડીઓની પસંદગી કરવામાં આવેલ અને સ્પોર્ટસ ટ્રેઈનીંગની શરૂઆત કરવામાં આવેલ.

### ૫) જ્ઞાનધારા :-

★ તા. ૨૩/૦૬/૨૦૧૭ ના રોજ, આર્ટ ઓફ લીવીંગ પર કુ. પાણખાણીયા ઉર્મિલાનું પ્રવચન.
★ તા. ૦૭/૦૬/૨૦૧૭ ના રોજ, બર્ડ કન્ઝર્વેશન સોસાયટીની ટીમ દ્વારા પક્ષીઓ અંગેની માહિતી.
★ તા. ૧૪/૦૭/૨૦૧૭ ના રોજ, બેટી બચાવો કાર્યક્રમ અંતર્ગત - શ્રી ગાયત્રી પરિવાર તથા પરિવાર કલ્યાણ વિભાગ અને N.S.S. ના અનુસંધાને ઈનામ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવેલ.
★ તા. ૨૧/૦૭/૨૦૧૭ K.C.G. BKNM દ્વારા આયોજિત વકતૃત્વ સ્પર્ધા રાખવામાં આવેલ.

---

## ૧૪) અભ્યાસ વર્તુળ અંતર્ગત પ્રવૃત્તિઓ :-

### ૧) સંસ્કૃત અભ્યાસ વર્તુળ :-

★ તા. ૧૦/૦૭/૨૦૧૭ ના રોજ, સંસ્કૃત ભાષામાં નિબંધ સ્પર્ધા રાખવામાં આવેલ. જેના વિજેતાઓ, (૧) વાળા દિપાલી વી., (૨) દેવમુરારિ મેઘા એમ., (૩) ડાકી હિના એમ. અને સોલંકી હર્ષિદ્દા વી. નિર્ણાયકશ્રી : પ્રા. વર્ષાબહેન જોષી.
★ તા. ૧૦/૦૭/૨૦૧૭ ના રોજ,વ્યાસપૂર્ણિમાની ઉજવણી નિમિત્તે વાઢેર ટ્વિંકલ અને ઓડેદરા શીતલે 'વ્યાસપૂર્ણિમા' અંગે પોતાનું વકતવ્ય વર્ગખંડમાં આપેલ.

## ૨) ગુજરાતી અભ્યાસ વર્તુળ :-

★ તા. ૦૩/૦૮/૨૦૧૭ ના રોજ, સુગમગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેના વિજેતાઓ, (૧) કોડીયાતર વર્ષા, (૨) ગોહેલ નીરૂ અને ઓડેદરા મનિષા. નિર્ણાયકશ્રી ડૉ. કમલેશભાઈ ગોહેલ.

★ તા. ૦૪/૦૮/૨૦૧૭ ના રોજ, કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેના વિજેતાઓ, (૧) કોડીયાતર વર્ષા, (૨) જોષી પ્રિયંકા અને ઓડેદરા મનિષા, (૩) પોસ્તરીયા ઝંખના. નિર્ણાયકશ્રી ડૉ. કમલેશભાઈ ગોહેલ.

## ૩) સમાજશાસ્ત્ર અભ્યાસ વર્તુળ :-

★ તા. ૨૧/૦૬/૨૦૧૭ ના રોજ, 'પર્યાવરણ' ના અનુસંધાને એક ચાર્ટ પ્રદર્શનનું આયોજન લાઈબ્રેરીમાં કરવામાં આવેલ. જેમાં સમાજશાસ્ત્ર વિભાગની ૫૦ થી વધુ વિદ્યાર્થિનીઓએ ચાર્ટ બનાવીને રજૂ કર્યા હતા.

★ તા. ૧૮/૦૭/૨૦૧૭ ના રોજ, 'ડિબેટ સ્પર્ધા' – 'શું ભારતમાં ખરેખર વસ્તીવૃદ્ધિની સમસ્યા છે ?' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૧ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં તરફેણમાં બે વિજેતાઓ : (૧) કુ. પાયલ પરમાર, (૨) કુ. હેમાંગી અગ્રાવત તથા વિરોધમાં બે વિજેતાઓ : (૧) કુ. ભારતી મોકરીયા અને (૨) કુ. પાયલ જોષી જાહેર થયા હતા.

નિર્ણાયકશ્રી તરીકે પ્રા. પુજાબા ગોહિલએ સેવા ફરજ બજાવી હતી અને ડૉ. રેખાબહેન મોઢા તથા ડૉ. કીર્તિબહેન જાનીએ જરૂરી માર્ગદર્શન વિદ્યાર્થિનીઓને પુરૂં પાડયું હતું.

## ૪) મનોવિજ્ઞાન અભ્યાસ વર્તુળ :-

★ તા. ૧૨/૦૭/૨૦૧૭ ના રોજ, ''વિદ્યાર્થિઓ પર શિક્ષકોનો મનોવેજ્ઞાનિક પ્રભાવ'' વિષય પર વકતૃત્વ સ્પર્ધા રાખવામાં આવેલ. જેના વિજેતાઓ (૧) પરમાર સૃષ્ટિ જે., (૨) ભેડા રિધ્ધી પી., (૩) હોદાર કૃપાલી આર. નિર્ણાયકશ્રી પ્રા. રૂપલબહેન ભટ્ટ

## ૫) અર્થશાસ્ત્ર અભ્યાસ વર્તુળ :-

★ તા. ૧૭/૦૬/૨૦૧૭ ના રોજ, અભ્યાસવર્તુળનું ઉદ્દ્ઘાટન કરવામાં આવેલ. જમાં સમગ્ર વર્ષ દરમ્યાન કરવામાં આવતી પ્રવૃત્તિઓની માહિતી આપવામાં આવી હતી.

★ તા. ૦૪/૦૭/૨૦૧૭ ના રોજ, સેમ.-૫ ના બહેનોને BISAG કાર્યક્રમ.

★ તા. ૦૮/૦૭/૨૦૧૭ ના રોજ, GST વિષય પર સમૂહ ચર્ચાનું આયોજન કરવામાં આવેલ. જેના વિજેતાઓ,
Positive Effect નું પરિણામ આ પ્રમાણે છે : (૧) બામણિયા ડિમ્પલ, (૨) મોકરીયા મિત્તલ અને પરમાર પાયલ.
Negative Effect નું પરિણામ આ પ્રમાણે છે : (૧) મારૂ ઋતુ, (૨) કોટક વિશ્રાંતિ, (૩) ટુકડીયા ક્રિષ્ના.

★ તા. ૧૧/૦૭/૨૦૧૭ ના રોજ, BISAG લેકચરર સેમ.-૫ની વિદ્યાર્થિનીઓએ એટેન્ડ કરેલ.

★ તા. ૧૬/૦૭/૨૦૧૭ ના રોજ, શ્રી નવજીવન એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ પોરબંદરના NGO નું સંચાલન કરનાર શ્રી ભાવનાબહેન ભટ્ટનું એક્સ્પર્ટ લેકચરર રાખવામાં આવેલ તેમજ તેમના હસ્તે ન્યૂઝલેટર 'પ્રગતિ'નું વિમોચન પણ કરવામાં આવેલ.

★ તા. ૧૧/૦૭/૨૦૧૭ ના રોજ, નિબંધ સ્પર્ધા રાખવામાં આવેલ. જેના વિજેતાઓ, (૧) રાણાવાયા જ્યોતિકા, (૨) જોષી દ્વિયાતિ, (૩) જોષી ધારા આર. નિર્ણાયકશ્રી ડૉ. ભાવનાબહેન કેશવાલા.

★ તા. ૧૮/૦૭/૨૦૧૭ ના રોજ, કોન્ફરન્સરૂમમાં ડૉ. વીણા અગ્રવાલનું Skype નું સેશન યોજવામાં આવેલ. જેમાં GST ની અર્થકારણો પરની અસરો અંગે વિસ્તૃત ચર્ચા તેમજ પ્રશ્નોતરી રાખવામાં આવેલ.

★ જુલાઈના અંતમાં બી.એ. સેમ.-૫ની બહેનોને સંધાન કાર્યક્રમની C.D. દ્વારા અર્થશાસ્ત્ર અભ્યાસક્રમ સંબંધિત મુદ્દાઓની ચર્ચા સંભળાવવામાં આવેલ. જેમાં વિદ્યાર્થિની બહેનોને મૂડીવાદી પ્રવૃત્તિ અને લક્ષણો અંગેની વિસ્તૃત માહિતી પ્રાપ્ત થયેલ.

★ સેમ.-૫ની બહેનોને તેમના કેરિયરને વધુ ઉજ્જવળ બનાવવા માટે ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામની સફળતા માટેના ૧૦ પ્રેરણાદાયી નિયમો સંભળાવવામાં આવેલ.

## ૬) હોમસાયન્સ અભ્યાસ વર્તુળ :-

★ તા. ૨૭/૦૭/૨૦૧૭ ના રોજ એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ.

## ૭) કોમર્સ (અંગ્રેજી માધ્યમ) અભ્યાસ વર્તુળ :-

**Dt. 17-06-2017 Introducing meeting and PPT :**

It was the first study circle activity of the Department of commerce (English medium).First of all, Co-coordinator of the department Shri Kalpan Joshi delivered are inspiring speech to the students of sem-1 and also congratulated them for joining English medium Sem-4 were praised for achieving exceptional results.

**Dt. 24-06-17 Saturday Solo dance competition :**

On 24" June solo dance competition was held. It was judge' students participated in it.
**Winners :** 1st Rank Dhardev Sneha Sem-3, 2nd Rank Modha Amisha Sem-1, 3rd Rank Davda Priyanka Sem-5 Daudiya Chetna Sem-5, Hindocha Priya sem-5. Consolation prize to Vara Nikita Sem-1.

**Dt. 1-7-2017 Saturday Foundation day :**

On 1st July, Talent cum Foundation day was celebrated with great enthusiasm in entire college. Even the students of Department of Commerce (EM) participated in it. The solo dance was performed by Modha Arnisha (sem-1)and speech was delivered by Khunti Shivani.

**Dt. 15-7-2017 Debate Competition :**

Debate Competition was held in the study circle on 'Pros and Cons of the GST' It was judge by DR. Rushi Pandya and Prof. Pooja Acharya. Around 20 students participated in it.
**Winners:** 1st Rank Kalani Dimple Sem-5, 2nd Rank Kalani Dolly Sem-5 and Chhaya Aashiyana Sem-5, 3rd Rank Aadatiya Ashqa Sem-1 and Modha Amisha Sem-1

**Dt. 22-7-2017 Expert lecture on GST**

Today in study circle activity an expert lecture on GST was arranged by JCI members President Kalpesh Amlani and former President Biraj Kotecha(C.A.) Students were benefitted and got clear idea about GST and its implementation.

**Dt. 29-2-2017 One minute Games**

A Game was arranged in study circle in which all the students enjoyed a lot and had fun. It was organized by Prof. Janki Kotecha & Prof. Mital Jethava. The games were related to presence of mind & time management which helps them to develop their presence of mind & overall development.

## ૮) અંગ્રેજી અભ્યાસ વર્તુળ :-

૧. ૩૦ જૂન, ૨૦૧૭ ના રોજ ક્વિઝ કોમ્પીટીશનનું આયોજન
વિજેતા ટીમ : બી.એ. સેમ-૩

૨. ૦૭ જુલાઈ, ૨૦૧૭ ના રોજ ગુરૂપૂર્ણિમા વિષય પર વકતૃત્વ સ્પર્ધા
પ્રથમ વિજેતા : ગોસાઈ ઉર્વિ જે. (બી.એ.સેમ.-૧)

૩. ૧૪ જુલાઈ, ૨૦૧૭ ના રોજ એજ્યુકેશનના મહત્વ પર વકતૃત્વ સ્પર્ધા

પ્રથમ વિજેતા રાતડીયા સપના (બી.એ. સેમ.૩)

૪. ૨૧ જુલાઈ ૨૦૧૭ના રોજ સુલેખન સ્પર્ધાનું આયોજન
પ્રથમ વિજેતા : ગરેજા હેતલ એમ. (બી.એ.સેમ.-૫)

૫. ૦૪ ઓગસ્ટ, ૨૦૧૭ ગીત ગાયન સ્પર્ધા (હિન્દી તથા અંગ્રેજી)
પ્રથમ વિજેતા હોદાર સંધ્યા (બી.એ.સેમ.-૩-હિન્દી)
પ્રથમ વિજેતા પોરીયા વિભા (બી.એ.સેમ.-૧ - અંગ્રેજી)

## ૧૫) ટીચર્સ કોર્નર :-

### Department of Economics

These are no secrets to success. If is the result of preparation, hard work and learning from failure.

- Dr. Illa A. Thanki

Success is walking from failure to failure with no loss of enthusiasm.

Shri Pranali Joshi.

### Department of Sociology

Negative thoughts and tensions are like birds, we cannot stop them from flying nears us, but we can stop them from making a nest in our mind.

So, think positive, Be positive.

- Dr. Rekha H. Modha

આપણી જિંદગીમાં ઘણા બધા લોકો કાદવ કીચડ ઉછાળતા હોય છે આપણે તેને ખંખેરીને આગળ વધવાનું છે. દરેક વિઘ્ન આપણી કસોટી કરે છે અને જો આપણે એને પાર કરીને આગળ વધીશું તો જ આપણે પ્રગતિ કરી શકીશું દરેક મુશ્કેલી આપણું સોપાન બની રહેશે. આપણે જો સતત જાગ્રત રહીશું અને નિરાશ થયા વગર હિંમતથી સંકોટોનો સામનો કરીશું તો આપણે ગમે તેવી ઉંડી ખાઈમાંથી બહાર આવી શકીશું. બસ, ખંખેરી નાંખો અને આગળ વધો ચેતનાને ઉર્ધ્વમુખી બનાવો.

-ડૉ. કીર્તિબહેન એમ. જાની (સમાજશાસ્ત્ર વિભાગ)

'' આદર્શ ભારત - ભારતના ગામડાંઓમાં ''

Rural Development Short Term Course અંતર્ગત ગ્રામ્યવિસ્તારમાં ખેતી, ખેતીની ટેક્નોલોજી, જુદા-જુદા પાકોની તરેહ તેમજ ઈઝરાયેલ દેશની ખેતી વિષેની માહિતી અને માર્ગદર્શન PowerPoint Presentation દ્વારા આપવામાં આવેલ છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી ખેતીક્ષેત્રમાં પરિવર્તન તેમજ સુધારાઓથી આર્થિક ક્ષેત્રમાં વિશેષ પ્રમાણમાં યોગદાન નોંધાયેલું છે.

ભારતીય અર્થતંત્રની ધરોહર એ ખેતીક્ષેત્ર છે. જે ઉદ્યોગોને કાચો માલ પુરો પાડીને, તૈયાર ઉત્પાદનમાં આર્થિકક્ષેત્રમાં ક્રાંતિ બક્ષે છે. ૩૮ વિદ્યાર્થિની બહેનોએ ખેતીક્ષેત્ર અંગેના વિવિધ પ્રોજેક્ટ અંગેનું માર્ગદર્શન મેળવેલ છે.

- ડૉ.ભાવનાબહેન કેશવાલા (અર્થશાસ્ત્ર વિભાગ)

## ૧૬) વર્ષગાંઠ અભિનંદન :-

પ્રસ્તુત અંકમાં ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૭માં જેની વર્ષગાંઠ આવી રહી છે. તેમને વર્ષગાંઠની શુભેચ્છાઓ પાઠવતા 'જ્યોર્તિગમય' ની ટીમ અત્યંત આનંદ અનુભવે છે.

ઓગસ્ટ-૨૦૧૭

તા. ૦૬-ઓગસ્ટ - આદરણીય પ્રિ.શ્રી.ડૉ. અનુપમ આર. નાગરસાહેબ
તા. ૩૧-ઓગસ્ટ - ડૉ. કમલેશભાઈ ગોહેલ
તા. ૧૫-ઓગસ્ટ - ડૉ. ભાવનાબહેન કેશવાલા
તા. ૧૫-ઓગસ્ટ - શ્રી ભરતભાઈ સિસોદીયા
તા. ૦૪-ઓગસ્ટ - શ્રી દિલીપભાઈ ખૂંટી
તા. ૨૦-ઓગસ્ટ - ડૉ.ઋષિભાઈ પંડયા
તા. ૦૧-ઓગસ્ટ - પ્રા. મિતલબહેન જેઠવા
તા. ૨૭-ઓગસ્ટ - પ્રા. પ્રણાલીબહેન જોષી
તા. ૧૭-ઓગસ્ટ - પ્રા. કિરણબહેન ગોસાઈ
તા. ૧૩-ઓગસ્ટ - પ્રા. રૂપલબહેન ભટ્ટ
તા. ૨૨-ઓગસ્ટ - શ્રી દિલીપભાઈ તેરૈયા

સપ્ટેમ્બર-૨૦૧૭

તા. ૧૪-સપ્ટેમ્બર - આદરણીય ટ્રસ્ટીશ્રી શ્રીમતી શાંતાબહેન ઓડેદરા
તા. ૦૫-સપ્ટેમ્બર - ડૉ. ચેતનાબહેન બેચરા
તા. ૧૧-સપ્ટેમ્બર - શ્રી દિવાળીબહેન સોનેરી

---

## ૧૭) સ્ટુડન્ટ કોર્નર :-

### મેળાનું સામાજિક મહત્વ

આપણા ભારતીય સમાજમાં તહેવારોનું એક સામાજિક મહત્વ છે. દરેક વ્યક્તિએ પોત-પોતાના રોજિંદા જીવનમાંથી થોડા સમય માટે આનંદ મેળવવા માટે તહેવારો તથા પ્રસંગો ઉજવાતો હોય છે.

આપણા ભારતીય સમાજમાં વિવિધ તહેવારો જોવા મળે છે. તેમાંનો મહત્વનો તહેવાર જન્માષ્ટમી છે. આ ઉત્સવ ખૂબ જ ધૂમધામથી ઉજવવામાં આવે છે. ગોકુળ આઠમને દિવસે રાત્રે ૧૨:૦૦ વાગ્યે શ્રી કૃષ્ણ ભગવાનનો જન્મ થયો હોય છે. આથી આ તહેવારને જન્માષ્ટમી કહેવામાં આવે છે. જન્માષ્ટમીનો તહેવાર સમગ્ર ભારતમાં ઉજવવામાં આવે છે, પરંતુ સૌરાષ્ટ્રમાં તેની વિશેષ રીતે ઉજવણી કરવામાં આવે છે. આ તહેવાર નિમિત્તે 'મેળા' ભરવામાં આવે છે. મેળાએ સૌરાષ્ટ્રની વિશિષ્ટ લાક્ષણિકતા છે. અહી લોકો સમૂહમાં એકત્ર થઇને મનોરંજન પ્રાપ્ત કરે છે. સૌરાષ્ટ્ર જેવા 'મેળા' બીજે ક્યાંય જોવા મળતા નથી. તેથી સૌરાષ્ટ્રની સંસ્કૃતિમાં તેનું અલગ મહત્વ જોવા મળે છે.

ગોકુળ આઠમનો તહેવાર મુખ્યત્વે હિંદુઓનો તહેવાર છે, પરંતુ આ તહેવારમાં એટલે કે મેળાઓમાં વિવિધ ધર્મના લોકો જોવા મળે છે. જેમ કે, મુસ્લિમ, ખ્રિસ્તી, જૈન વગેરે. આમ, જોઇએ તો એમ કહી શકાય છે કે ધર્મોની વચ્ચે તથા વિવિધ ધર્મના લોકોની વચ્ચે એકતાની ભાવના જાગૃત કરવામાં તહેવારો એટલે કે એવા તહેવારો કે જ્યાં લોકસમુદાયનું મિલન થતું હોય છે. તેવા તહેવારો સમાજની એકતા ટકાવી રાખવામાં મદદરૂપ બને છે. ગોકુળ આઠમના દિવસે મેળાઓમાં લોકસમુદાય એકી સાથે ત્યાં એકઠું થાય છે અને આ લોક સમુદાય વચ્ચે સ્નેહભાવના, માનવતાની ભાવના વધુ વિકસે છે.

સામાજિક રીતે જોઈએ તો પણ મેળાઓએ સામાજિક એકતા તો ટકાવે જ છે, પરંતુ લોકોની જે ધાર્મિક માન્યતાઓ અને શ્રદ્ધાઓ હોય છે. તે પણ ઘણીવાર વિકાસ પામતી હોય છે, પરંતુ આમ, કહી શકાય કે મેળાઓનું મુખ્ય મહત્વ સામાજીક મહત્વ કહીએ તો લોકો સમુદાય સાથે એકઠો થઇને આનંદ માણે છે તથા થોડા સમય માટે લોકો પોતાના દુઃખ અને મુશ્કેલીઓમાંથી રાહત મેળવે છે. આ પણ એક રીતે સામાજિક મહત્વમાં લઇ શકાય છે. ઘણા લોકોએ આવા તહેવારોની ઉત્સાહથી (આતુરતાથી) રાહ જોતા હોય છે. આ બાબત બતાવે છે કે અન્ય દેશોમાં જેટલું તહેવારોનું મહત્વ નથી તેટલું જ વધુ મહત્વ આપણા ભારત દેશમાં તહેવારોનું સામાજિક મહત્વ છે.

-પરમાર પાયલ કે. (ટી.વાય.બી.એ.-સમાજશાસ્ત્ર)

:: સુવિચાર ::

(૧) દીવો બોલતા નથી,
એનો પરિચય પ્રકાશ આપે છે.
આપણે કંઈ બોલવું ન જોઈએ,
એ જ આપણો પરિચય આપશે.

(૨) જો મહેનત કર્યા પછી પણ સપના પૂરા ન થાય તો રસ્તો બદલો સિદ્ધાંત નહી. કારણ કે વૃક્ષ પણ હંમેશા પાંદડા બદલે છે. મૂળ નહી.

- સિદ્ધપુરા રિદ્ધિ એસ. (બી.એ.સેમ.-૫)

''मेरा देश''

युगो से चला आ रहा है, मेरा देश,
फिर क्यु बन गया था, गुलाम मेरा देश।

तभी तो लडना सीखा, वक्त आते ही,
जान देना सीखा है, मेरा देश।

हर एक संघर्षो का सामना किया
तब तो वीर बन गया, मेरा देश।

हिन्दु, मुस्लिम, शीख, इसाई मिलकर
सब कार्य कर और अपनी ही
पहेचान बनाये, मेरा देश।

तभी तो मिलि है स्वतंत्रता,
इस स्वतंत्रता कि रक्षा करेगा, मेरा देश॥



- वारंगीया लीना पी. (एस.वाय.बी.ए.-अंग्रेजी)

**૧૮) પ્રિન્સિપાલશ્રીની કલમે :-**

Dear students,

Welcome to Godhaniya College. As you enter the threshold of this institute of higher learning, do remember that this is a "seat" of learning. Through a balanced approach - by giving due importance to academics and co-curricular activities, nothing can stop you from giving your best. My team is there to support and guide you in this journey of life and living. However, the requisite effort has to be put in by yourself keeping the virtues of Duty, Devotion, Discipline, Determination and Discrimination in mind.

May the grace of Goddess Saraswati be always upon you. Jai Hind.

---

**૧૯) તંત્રી સ્થાનેથી :-**

ભારતીય સંસ્કૃતિમાં નાળિયેરી પૂર્ણિમાનું અકે આગવું મહત્વ છે. આ દિવસે સમુદ્રના પાણી શાંત થતા સાહસિક વ્યાપારીઓ ધંધાર્થે પોતાની નૌકાઓ સમુદ્રમાં છોડતી વખતએ સમુદ્ર તોફાની ન બને અને હેમખેમ તેમની ખેપ પાર પડે એ ભાવનાથી સાગરમાં નારિયેળ પધરાવી સાગરનું પુજન કરતા એ આજે પણ પ્રચલિત છે. **'सागरे सर्वतीर्थानि'** સાગરમાં બધા જ તીર્થ સમાયા છે એ ઉક્તિ પ્રચલિત થઇ છે. આવા તીર્થોના તીર્થ બનેલા સાગરનું પૂજન થાય એ પણ સહજ જ છે. ગમે તેટલા તોફાની પવનમાં પણ સાગર ભરતીના સમયની નિશ્ચિત મર્યાદા કદી ઓળંગતો નથી તેમજ ભરતી યા ઓટમાં સાગરનું તાલબદ્ધ ગર્જન અવિરત ચાલતું જ હોય છે. જીવનમાં પણ ચડતી-પડતીની ભરતી-ઓટ આવવાની જ છે તે વખતે પોતાનો તાલ મૂકીને જીવનને બેસૂરુ ન બનાવીએ એની પ્રેરણા આ ઘૂઘવતો સાગર આપે છે. સાગર પૂજનનું આ હાર્દ સમજી તેનું પૂજન થાય તો નિશ્ચિત જીવન સાર્થક બનશે, શાંતિની ઉપલબ્ધિ થશે.

-પ્રા. વર્ષા બી. જોષી

---

**મુખ્ય સંપાદક : ડૉ. અનુપમ આર. નાગર**

**ડૉ. રેખાબહેન મોઢા** **પ્રા. વર્ષા બી જોષી**

**શ્રી કલ્પનાબહેન જોષી** **પ્રા. ઋષિભાઈ પંડયા**

**પ્રા. ભરતસિંહ ડોડિયા** **શ્રી સુરેશભાઈ બી. ગોરસીયા**

---